
રંગોથી ભરેલો સમુદ્ર

# રંગોથી ભરેલો સમુદ્ર

**ચિત્રનો ઉપયોગ કેવી રીતે કરવો - શિક્ષકો/વાલીઓ માટે મહત્વના કેટલાક મુદ્દા:**
ચિત્ર-વાંચનમાં બાળકો ચિત્રો સાથે જોડાય તે જરૂરી છે. આ ચિત્ર-વાંચન પ્રવૃત્તિ બાળકોની દ્રશ્ય બોધને પ્રોત્સાહિત કરે છે. તેમાં અનુમાન લગાવવું, કલ્પના શક્તિનો વિકાસ, ઘટનાઓના ક્રમ નક્કી કરવા, અર્થ તારવવો અને અવલોકનના માધ્યમ દ્વારા વિચારો વ્યક્ત કરવા સામેલ છે. ચિત્ર-વાંચન મૌખિક ભાષાના વિકાસની તકો પણ પૂરી પાડે છે.

**ચિત્ર શું બતાવે છે?**
આ ચિત્રમાં સમુદ્રની નીચે રંગીન જીવનનું એક મનોહર દૃશ્ય છે. બાળક એ જાણી શકશે કે દરિયાની નીચેની દુનિયા કેવી દેખાય છે. આ ચિત્ર માતાપિતા અને શિક્ષકો માટે બાળકને વિવિધ પ્રકારના દરિયાઈ જીવો તેમજ વિવિધ પ્રકારના રંગોનો પરિચય કરાવવામાં મદદરૂપ થશે. બાળકને શીખવાની પ્રક્રિયામાં સામેલ કરવાની આ એક ખૂબ જ અસરકારક રીત બની રહેશે.
નીચેના ચર્ચાના મુદ્દાઓનો ઉપયોગ માતાપિતા/શિક્ષકો દ્વારા શિખવા-શિખવાની પ્રક્રિયાને અર્થપૂર્ણ અને આનંદદાયક બનાવવા માટે કરી શકાય છે:

**ચિત્રો પર આધારિત નવું શબ્દભંડોળ**
**ચિત્રમાં સમુદ્રમાં રહેતા નીચેના જીવોને શોધો:**

| | |
|---|---|
| ૧. ડોલ્ફિન | ૬. સ્ટારફિશ |
| ૨. વ્હેલ | ૭. કાચબો |
| ૩. દરિયાઈ ઘોડો | ૮. જેલીફિશ |
| ૪. માછલી | ૯. સમુદ્ર છીપલા |
| ૫. ઓક્ટોપસ | |

**આવો, હવે આ ચિત્રમાં વિવિધ રંગો શોધીએ**

| | |
|---|---|
| ૧. પીળો | ૫. નારંગી |
| ૨. લાલ | ૬. વાદળી |
| ૩. ગુલાબી | ૭. જાંબલી |
| ૪. લીલો | ૮. કાળો |

**ચાલો જાણીએ (તસવીરના આધારે)**
૧. આ ચિત્રમાં તમે શું-શું જોઈ રહ્યા છો?
૨. આ ચિત્રમાં દેખાતા તમામ રંગોના નામ જણાવો.
૩. આ ચિત્રમાં દેખાતા દરિયાઈ જીવોને ઓળખી બતાવો.
૪. પાણીની નીચે ચાલતું વાહન કયું છે?
૫. પાણીની નીચે તરવાની પ્રવૃત્તિને શું કહેવામાં આવે છે?
૬. શું તમે ચિત્રમાં મોતી જોઈ શકો છો? જો હા, તો પછી બધા મોતી ગણો.
૭. આ ચિત્રમાં કેટલી સ્ટારફિશ છે?
૮. જેલીફિશ કયા રંગની છે?
૯. આ ચિત્રમાં સૌથી મોટી માછલી કઈ છે?
૧૦. ચિત્રમાં કેટલી માછલીઓ છે?

**ચાલો ચર્ચા કરીએ (ચિત્ર સિવાય)**
૧. શું તમે પહેલાં કોઈ કાર્ટૂન ફિલ્મ કે ચિત્રમાં જલપરી જોઈ છે?
૨. શું તમે માછલીને પાણીની બહાર જોઈ છે?
૩. શું તમે સમુદ્ર / દરિયો જોયો છે?
૪. શું તમે સમુદ્રી / દરિયાઈ જીવો સાથે પાણીની અંદર ડૂબકી મારવાની ઇચ્છા ધરાવો છો? તમને કેવો અનુભવ થશે?
૫. તમારું મનપસંદ સમુદ્રી / દરિયાઈ જીવ કયું છે?

**માતા-પિતા / શિક્ષકો માટે અન્ય સૂચન:**
- તમે બાળકને ચિત્રમાંથી અલગ-અલગ વાર્તા પણ તૈયાર કરી શકો અને બાળકોને સમુદ્રી / દરિયાઈ જીવો પર આધારિત વાતચીત / સંવાદ તૈયાર કરવા માટે પ્રોત્સાહિત કરી શકો છો.
- તેમ ચિત્ર પરથી વાર્તા તૈયાર કરવા માટે બાળકને મદદ કરી શકો છો.
- તમે બાળકને અભિનય કરવા માટે પ્રોત્સાહિત કરી શકો છો.

***चित्र का उपयोग कैसे करें- शिक्षकों / अभिभावकों के लिए कुछ बिंदु***
*चित्र पठन में बच्चों को चित्र के साथ जोड़ना शामिल है। चित्र पठन की यह गतिविधि बच्चों को दृश्य बोध के लिए प्रोत्साहित करती है। इसमें अनुमान लगाना, कल्पनाशक्ति का विकास, घटनाओं का अनुक्रमण, अर्थ बनाना और अवलोकन के माध्यम से विचारों को व्यक्त करना शामिल है। चित्र पठन मौखिक भाषा के विकास के अवसर भी प्रदान करता है।*

***चित्र क्या दर्शाता है?***
*यह चित्र समुद्र के नीचे रंगीन जीवन का एक आकर्षक दृश्य है। बच्चा यह जानने में सक्षम होगा कि समुद्र के नीचे की दुनिया कैसी दिखती है। यह चित्र माता-पिता और शिक्षकों के लिए बच्चे को विभिन्न प्रकार के समुद्री जीवों के साथ-साथ विभिन्न प्रकार के रंगों से परिचित कराने में मददगार होगा। सीखने की प्रक्रिया में बच्चे को शामिल करने का यह एक बहुत प्रभावी तरीका होगा।*
*सीखने-सिखाने की प्रक्रिया को सार्थक और आनंदमय बनाने के लिए माता-पिता / शिक्षकों द्वारा निम्नलिखित चर्चा बिंदुओं का उपयोग किया जा सकता है*

***चित्र पर आधारित नई शब्दावली***
***समुद्र में रहने वाले निम्नलिखित जीवों को चित्र में ढूंढिए-***

| | |
|---|---|
| *1. डॉल्फिन* | *6. स्टारफिश* |
| *2. व्हेल* | *7. कछुआ* |
| *3. समुद्री घोड़ा* | *8. जेलीफिश* |
| *4. मछली* | *9. समुद्री सीपियाँ* |
| *5. ऑक्टोपस* | |

***आइए अब इस चित्र में अलग-अलग रंग ढूँढते हैं***

| | |
|---|---|
| *1. पीला* | *5. नारंगी* |
| *2. लाल* | *6. नीला* |
| *3. गुलाबी* | *7. बैंगनी* |
| *4. हरा* | *8. काला* |

***चलो पता करते हैं (चित्र के आधार पर)***
*1. इस चित्र में आप क्या-क्या देख रहे हैं?*
*2. इस चित्र में दिखाई देने वाले सभी रंगों के नाम बताइए।*
*3. इस चित्र में दिखाई देने वाले समुद्री जीवों की पहचान कीजिए। 4. पानी के अंदर चलने वाला वाहन कौन-सा है?*
*5. पानी के नीचे तैरने की गतिविधि को क्या कहा जाता है?*
*6. क्या आप चित्र में मोती देख सकते हैं? यदि हाँ, तो सारे मोती गिन लीजिए।*
*7. इस चित्र में पता करें कि कितनी स्टारफिश हैं?*
*8. जेलीफिश का कौन-सा रंग है?*
*9. इस चित्र में सबसे बड़ी मछली कौन-सी है?*
*10. चित्र में कितनी मछलियाँ हैं?*

***चलो चर्चा करें (चित्र से परे)***
*1. क्या आपने इससे पहले किसी कार्टून फिल्म या चित्र में जलपरी देखी है?*
*2. क्या आपने मछली को पानी के बाहर देखा है?*
*3. क्या आपने समुद्र देखा है?*
*4. क्या आप समुद्री जीवों के साथ पानी के अंदर गोता लगाना चाहेंगे? आपको कैसा अनुभव होगा?*
*5. आपका पसंदीदा समुद्री जीव कौन-सा है?*

***माता-पिता/शिक्षकों के लिए अन्य सुझाव***
*· आप चित्र के अनुसार बच्चे के लिए अलग-अलग संवाद भी बना सकते हैं और बच्चे को समुद्री जीवों पर आधारित बातचीत/संवाद बनाने के लिए प्रोत्साहित कर सकते हैं।*
*· आप चित्र से कहानी बनाने में बच्चे की सहायता कर सकते हैं।*
*· आप बच्चे को अभिनय करने के लिए भी प्रोत्साहित कर सकते हैं।*

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.